શેઠ કસ્તુરચંદ જુઠાભાઈ છાત્રાલય
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# નૃસિંહપુરા
# સમાજ દર્પણ
## દિપોત્સવી અંક

## સ્મરણાંજલિ

માતૃ દેવો ભવઃ
પિતૃ દેવો ભવઃ







**સ્વ. રસિકલાલ ચુનિલાલ શાહ**
સ્વર્ગ : ૭-૧૨-૧૯૯૯

**સ્વ. પ્રભાવતીબેન રસીકલાલ શાહ**
સ્વ. ૨૫-૭-૨૦૦૦

જીવન એવું જીવી ગયા કે ચાલશે, ફાવશે અને ભાવશેના સિધ્ધાંત સાથે, પરિચિતો સદા યાદ કરે...
ભક્તિ તમે કરી ગયા, પુણ્ય અમને મળ્યું, સંઘર્ષ તમે કર્યો ફળ અમોને મળ્યા.
આપવું એજ આપનો જીવન મંત્ર હતો, લઈ શું ગયા તમો.
આપી ઘણું ગયા અમોને, રહી રહીને આજેય અમોને બહુ આવે યાદ...

હર્ષદભાઇ રસિકલાલ શાહ
શ્રીમતી પુષ્પાબેન હર્ષદભાઇ શાહ
ચિ. હેમંત હર્ષદભાઇ શાહ
ચિ. ધર્મેશ હર્ષદભાઇ શાહ

પૌત્ર : નમ્ય હેમંત શાહ
કથન હેમંત સાહ
પૌત્રી : રાયન ધર્મેશ શાહ
શ્રીમતી જૈના હેમંત શાહ
શ્રીમતી એલીના ધર્મેશ શાહ

અમિતભાઇ રસીકલાલ શાહ
શ્રીમતી પ્રતિક્ષા અમિતભાઇ શાહ
ચિ. અનંત અમિત શાહ
કુ. પૂજા અમિત શાહ



# મિચ્છામિદુક્કડમ્



**અમારા દ્વારા મન, વચન અને કાયાના યોગ થકી**
**આપના હ્દયને ઠેસ પહોંચી હોય, આપની લાગણી દુભાઇ હોય તો**
**પરમ પાવન પર્વ શ્રેષ્ઠ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ નિમિત્તે**


## મિચ્છામિદુક્કડમ્ અને

## દિપાવલી ની શુભ કામનાઓ...

# શ્રી તરુણભાઇ રણછોડલાલ શાહ

## કલોલ - USA






## શ્રી સંઘ નૃસિંહપુરા દિગંબર જૈન કેળવણી મંડળ

### શ્રી કસ્તુરચંદ જુઠાભાઇ છાત્રાલય

નવરંગપુરા, અમદાવાદ

# નૃસિંહપુરા દિગંબર જૈન સમાજના તપસ્વીઓની યાદી

સોલહ કારણ




શ્રીમતી શિલ્પાબેન હેમંતભાઈ

સોલહ કારણ



રીનાબેન દક્ષેશભાઈ સંઘવી

દશ લક્ષણ



શ્રીનવ પ્રજ્ઞેશભાઈ શાહ

દશ લક્ષણ



ઈશા પ્રજ્ઞેશભાઈ શાહ

દશ લક્ષણ



ભૂમિ માર્ગીલભાઈ શાહ

દશ લક્ષણ



શ્રી દેવાંશ યોગેનકુમાર શાહ-USA

દશ લક્ષણ




વૈભવી નિલેશકુમાર શાહ

દશ લક્ષણ



અર્ચના કેયુરભાઈ વખારીયા

દશ લક્ષણ



શ્રી વિપુલભાઈ સૂર્યકાંતભાઈ શાહ

દશ લક્ષણ



શ્રીમતિ સારીકાબેન વિપુલભાઈ શાહ

દશ લક્ષણ મૌન વ્રત સાથે



શ્રી પરેશભાઈ સૂર્યકાંતભાઈ શાહ

પંચમેરુ



શ્રીમતિ કિંજલ અંકિતકુમાર વખારીયા

**સોલહ કરણ**

હેતલબેન પ્રજ્ઞેશભાઈ રમેશચંદ્ર વખારીયા (કલોલ)

**દશ લક્ષણ**

શ્રી શ્રેયાંશભાઈ જયેશભાઈ શાહ-નડિયાદ

શ્રીમતી ભૂમિમાર્ગીલભાઈ પન્નાલાલ શાહ (કલોલ-અમદાવાદ)

વૈભવી નિલેશકુમાર શાહ (ડબકા-અમદાવાદ)

રીટાબેન જયેશભાઈ શાહ

સ્મીત નૈમેશ શાહ

તોરલ પરિતોષભાઈ શાહ-ગાંધીનગર

પ્રાંજલી હિમાંશુભાઈ સંઘવી

પલક નીરવભાઈ પરીખ

માનસી ભૌતિકભાઈ શાહ

શ્રીમતિ અરૂણાબેન કેસરીચંદ શાહ (યુ.એસ.એ.)

કુ. મહેકબેન સૌરભભાઈ વખારીયા (યુ.એસ.એ.)

સલોની ઉરેનભાઈ રતનચંદ વખારીયા (કલોલ)

## ● અતિશય ક્ષેત્ર, રામટેક ●

સંત શિરોમણી આચાર્ય શ્રી ૧૦૮ વિદ્યાસાગરજી મહારાજ અતિશય ક્ષેત્ર રામટેકમાં વિરાજમાન છે.

રામટેકમાં આ અગાઉ આચાર્ય શ્રીએ સર્વ પ્રથમચાતુર્માસ ૧૯૯૩માં કરેલ ત્યારબાદ ૧૯૯૪, ૨૦૦૮ અને ૨૦૧૩ માં ચાતુર્માસ થયા હતા. હાલ ૨૦૧૭નો પાવન વર્ષાયોગ પણ રામટેકમાં છે.

રામટેક એક અતિશય ક્ષેત્ર છે. જે ક્ષેત્ર નાગપુર-જબલપુર માર્ગ પર નાગપુરથી ૪૦ કિ. મી. દૂર સ્થિત છે. ત્યાં રેલ અને રોડ માર્ગે જવાય છે.



રામટેકમાં ભગવાન શ્રી ૧૦૦૮ શાન્તિનાથની ખડગાસન બદામી કલરની પ્રતિમા બિરાજમાન છે, જેની ઉંચાઈ ૧૩ ફૂટ ૫ ઈંચ છે. એ પ્રતિમાની બાજુના ભગવાન શ્રી કુંથુનાથ તથા ભગવાન શ્રી અરહનાથની ૫ ફૂટ ૨ ઈંચ ઉંચી પ્રતિમા બીરાજમાન છે. એ પ્રતિમા ૧૧મી શતાબ્દીની છે. જેના પર ૧૯૬૫ અને ૧૯૯૪ માં લેપ કરવામાં આવ્યો હતો. મંદિરના પરિસરમાં માનસ્થંભ, ગુરુકુળ ભવન, વિશાળ ધર્મશાળા, વિદ્યાસાગર પ્રવચન હોલ છે.

આચાર્યશ્રીના મંગળ આશીર્વાદથી ૨૦૧૨-૧૩ માં પંચબાલયતિ જિન મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ મંદિર ખૂબજ સુંદર અને આકર્ષક છે. ત્યાં બીરાજમાન પંચબાલયતિ ભગવાનની પંચધાતુની વિશાળ પ્રતિમા બીરાજમાન છે.

રામટેક પર્વત પર કવી કાલીદાસનું સ્મારક બનેલુ છે. ભગવાન રામ, સીતા અને લક્ષ્મણ વનવાસના દિવસોમાં આ પર્વત પર રહ્યા હતા. માટે આ વિસ્તારનું નામરામટેક પડ્યું હતું. રામટેક પર્વતપર વાહન લઈ જઈ શકાય છે. ત્યાં અચુક જવું જોઈએ. રામટેકથી ૩૦ કિ. મી. ના અંતરે શ્રી ૧૦૦૮ આદિનાથ દિ. જૈન અતિશય ક્ષેત્ર, કામઠી આવેલુ છે. ત્યાં કલાત્મક શિખર મંદિર છે. નાગપુરથી ૩૫ કિ. મી. દૂર શ્રી ૧૦૦૮ આદિનાથ દિ. જૈન અતિશય ક્ષેત્ર બાનીરગાંવ આવેલું છે. ત્યાં આદિનાથ ભગવાનનું ૫૦૦ વર્ષ જુનુ મંદિર આવેલું છે. ત્યાં ધર્મશાળા પણ છે.

# Congratulations



ચિ. મેશ્વા



ચિ. મીતી

**ઉગ્યો છે આજ સૂર્ય સોનાનો દીઠું છે સ્વપ્ન થતું સાકાર**

**શ્રીમતી મંજુલાબેન ચંપકલાલ જગજીવનદાસ શાહની પૌત્રીઓ અને**

**અ.સૌ. વંદના મહાવીર શાહની પુત્રીઓ**

**ચિ. મેશ્વા** MBA (Finance)

U.S.A. Bostion Clark University અને

**ચિ. મીતી** CA Final ઉતીર્ણ થયા છે.

સ્વપ્ન જોવા માટે આંખ જોઇએ,<br>
ઉડ્ડયન માટે પાંખ જોઇએ<br>
દ્રષ્ટિ, સંકલ્પ અને પરિશ્રમ<br>
એ ત્રણેનો સમન્વય જોઇએ...<br>
લાડલી...તું લક્ષ્યસિદ્ધિ માટે સક્ષમ બની,<br>
સદા સફળતા મળે તેવા શુભ આશિષ...

ભવિષ્યમાં પણ આ રીતે જ પ્રગતિના સોપાન સર કરતા રહો...

લિ.

**અ.સૌ. વંદના મહાવીર શાહ**



શ્રી શાન્તીનાથ દિ. જૈન મંદિર ઉસ્માનપુરા, અમદાવાદની શોભાયાત્રા તા. ૧૦-૯-૨૦૧૭ ના શુભ દિને નીકળી હતી. શ્રીજીના અભિષેક અને પૂજા બાદ કે. જે. છાત્રાલયમાં સ્વામી વાત્સલ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામીવાત્સલ્યના મુખ્ય દાતા શ્રી વિપુલભાઈ કાન્તીલાલ શાહ પરિવાર હતું.

એ દિવસે તપોભૂમિપ્રણેતા પ. પૂ. ૧૦૮ શ્રી પ્રજ્ઞાસાગર મહારાજના જન્મદિવસ નીમીત્તે એક રક્તદાન શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ લોકોએ રક્તદાન કર્યું હતું. શ્રી નીતીનભાઈ અને શ્રી નૈનેષભાઈ એચ. શાહના માર્ગદર્શન હેઠળ સંપન કરવામાં આવ્યું હતું. જેમાં છાત્રાલયના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.





તા. ૭-૧૦-૨૦૧૭ ના રોજ શ્રી શાંતીનાથ દિગંબર જૈન યુથ ક્લબ દ્વારા નૃસિંહપુરા દિગંબર જૈન સમાજ-અમદાવાદનું સ્વામિવાત્સલ્ય ત્થા રાસ-રમઝટ-૨૦૧૭ નું આયોજન કે. જે. છાત્રાલયમાં રાખવામાં આવેલ હતું. સમારંભના મુખ્ય દાતા શ્રી વિપુલભાઈ કાન્તીલાલ શાહ, સમારંભના અતિથિ વિશેષ ડૉ. સુબોધભાઈ શાંતિલાલ શાહ ત્થા સમારંભના દિપ પ્રજ્વલન કરતાં શ્રી અમીતભાઈ રસીકલાલ શાહ પરિવાર હતું.

રાસ ગરબાની રમઝટ જૈનિલ પરી મ્યુઝીકલ ગૃપ દ્વારા આયોજિત કરવામાં આવી હતી. જેમાં સમાજના સૌએ ખુબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

સ્વામીવાત્સલ્યનો લાભ શ્રી વિપુલભાઈ કાન્તીલાલ શાહ પરિવારે લીધો હતો.

**સંપાદક સમિતિ :**

| | |
|---|---|
| શ્રી અજયભાઈ રમણીકલાલ શાહ | :૯૮૨૪૦૬૭૭૪૭ |
| શ્રી શોધનભાઈ હિરાલાલ શાહ | :૯૪૨૬૬૨૦૯૦૯ |
| શ્રી દિલીપભાઈ શાંતિલાલ શાહ | :૯૪૦૮૬૮૪૩૧૨ |

**પ્રકાશક સમિતિ :**

| | |
|---|---|
| શ્રી દિનેશભાઈ લાલભાઈ શાહ, પ્રમુખ | :૦૯૩૨૪૬૯૮૮૮૬ |
| શ્રી જગદીશભાઈ ત્રિલોકચંદ દાણી, મંત્રી | :૯૮૨૫૦૪૩૫૧૮ |
| શ્રી કલ્પેશભાઈ પોપટલાલ સંઘવી, સહમંત્રી | :૮૯૮૦૯૫૯૯૨૩ |

**ટ્રસ્ટીગણ :**

| | |
|---|---|
| શ્રી બિપીનભાઈ ચીનુભાઈ શાહ | :૦૯૮૬૭૦૮૮૧૧૦ |
| શ્રી જીતેન્દ્રભાઈ રતીલાલ શાહ | :૦૯૨૨૪૧૬૫૨૭૨ |
| શ્રી દિપકભાઈ સાકરલાલ શાહ | : ૯૮૨૪૩૨૪૧૨૬ |

**પ્રકાશન સ્થળ :**

શેઠ કસ્તુરચંદ જુઠાભાઈ છાત્રાલય, પોસ્ટ ઓફીસની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : (૦૭૯) ૨૬૪૨૪૪૫૫

ગૃહપતિ : શ્રી તારકકુમાર બાબુલાલ પરીખ

| **"સમાજ દર્પણ"ના પ્રતિનિધિઓ :** | **ફોન નંબર** |
|---|---|
| શ્રી કેતનભાઈ રમેશભાઈ શાહ, કલોલ | :૯૮૨૫૦૩૮૫૬૬ |
| શ્રી કમલેશભાઈ શાંતિલાલ પરીખ, સુરત | :૯૩૭૭૭૨૪૮૪૭ |
| શ્રીમતી ઝંખનાબેન જયેન્દ્રકુમાર શાહ, વડોદરા | :૦૨૬૫-૨૩૯૫૬૬૪ |
| શ્રીમતી ભારતીબેન દિનેશભાઈ શાહ, વડોદરા | :૯૮૯૮૫૦૮૪૪૭ |
| શ્રી કિરીટભાઈ ફકીરચંદ દેસાઈ, નરોડા | :૯૭૨૫૫૦૦૭૨૪ |
| શ્રી દિલીપભાઈ ફતેચંદ શાહ, મુંબઈ | :૦૯૮૧૯૮૩૭૦૪૧ |

**નૂ. સમાજ દર્પણમાં જાહેરાત છાપવા માટેના નવા દર :**

| ક્વર પેજ (કલરમાં) | (અંદરના પેજ) |
|---|---|
| (કવર : ૨ રૂા. ૨૫૦૦-૦૦) | (આખું પેજ : ૧૫૦૦-૦૦) |
| (કવર : ૩ રૂા. ૨૫૦૦-૦૦) | (અડધુ પેજ : ૮૦૦-૦૦) |
| (કવર : ૪ રૂા. ૩૦૦૦-૦૦) | (પા પેજ : ૫૦૦-૦૦) |

(અંદરના જાહેરાત કલરમાં : રૂા. ૨૦૦૦-૦૦)

(અંદરના બાયોડેટા કલરમાં : રૂા. ૧૫૦૦-૦૦)

સમાજના સૌ સભ્યોને વિનંતી કે આપના વિભાગના સમાજની વ્યક્તિગત, કૌટુંબિક કે સંસ્થાના સમાચારની માહિતી, સારા-માઠા પ્રસંગોની માહિતી આપતી વિગત ક. જુ. છાત્રાલયના સરનામે "નૂ. સમાજ દર્પણ" વિભાગમાં અવશ્ય મોકલવી. સમાજના સભ્યોની જે વિગતો મળશે તે વિગતો જ પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની સૌ સભ્યોએ નોંધ લેવી.

(૧) "નૂ. સમાજ દર્પણ"ના મુખ પત્રકના દરેક અંક અંગે સમાજના કોઈપણ સભ્યનું સૌજન્ય રૂા. ૪૦૦૦/- ભેટ લઈને સ્વીકારાય છે.

(૨) જે કોઈને ફોટા (પાસપોર્ટ સાઈઝ) સાથે સૌજન્ય આપવું હોય તો રૂા. ૬૦૦૦/- નક્કી કરેલ છે, જેનો લાભ લેવા વિનંતી છે.

(૩) આગામી સળંગ છ અંક સુધી જાહેરાત આપનારને ૧૦% ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. -પ્રકાશન સમિતિ

# સંપાદક...

આપ સૌને નૂતન વર્ષાભિનંદન આપ સૌ સમાજની પ્રગતિમાં સહભાગીદાર થયા અને સમાજ આગળ ને આગળ વધે એના માટે પ્રયાસ કરી ઉત્તરોત્તર પ્રગતિ કરીએ એવી ભાવના.

હવે તમામ ઉત્સવ અને ધાર્મિક પ્રસંગોનો સમય પૂર્ણ થવાના આરે છે. દરેક ક્ષેત્રમાં વિરાજમાન આચાર્ય, ઉપાધ્યાય, મુનિ વગેરે વિહાર કરી આગળ પ્રયાણ કરી રહ્યા છે. એમના આશીર્વાદ આપણને સતત મળતા રહે અને આપણે પ્રગતિ કરતા રહીએ અને સમાજ સમૃદ્ધ બને એવી સૌને મનોકામના હોય છે.

એજ ભાવના સાથે એક કવિની પંક્તિઓ યાદ આવે છે.

"ધીમે ધીમે વૃદ્ધિ પામી તું વૃદ્ધ થા,
કાં પછી સર્વસ્ય ત્યાગી તું મહાવીર થા.
સ્નાન હોય ઘરમાં કે પછી હોય ગંગા તટે,
છે શરત એક જ કે તું ભીતરથી શુદ્ધ થા."



ગત અંકના સૌજન્ય દાતા સ્વ. દિપકભાઈ રસીકલાલ શાહ તથા આ અંકમાં જે દાતાઓએ વિજ્ઞાપન આપી, અન્ય પ્રકારનું દાન આપી જે સહકાર આપ્યો છે. તે દાતાઓનો આભાર...

## ● સમાચાર ●

● **આપણા મંડળના મકાનના રીનોવેશન પ્લાનની મંજુરી પેટે રૂા. ૮,૫૮,૧૦૭/- અમદાવાદ મ્યુ. કોર્પો. માં એડવાન્સ / ડીપોઝીટ પેટે ભરેલ. જે તા. ૪-૯-૨૦૧૭ ના રોજ પરત મળી ગયેલ છે જે સંસ્થા માટે ખુબજ આનંદદાયક સમાચાર છે.**

● **નૃ. દિ. જૈન સમાજના જહેર નિવાસી**

શ્રી ચીમનલાલ ઉમેદભાઈ શાહ ફાઉન્ડેશન (પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ) અમદાવાદ સંચાલિત શ્રીમતી જ્યોત્સના જિતેન્દ્ર શાહ મેડીકલ સેન્ટર અને સુપ્રાટેક માઈક્રોપેથના સહયોગથી સમાજના સભ્યો માટે પ્રથમ હેલ્થ ચેકઅપ કેમ્પ તા. ૧ અને ૨ ઓક્ટો. ૨૦૧૭ ના રોજ શ્રેય હોસ્પીટલ, નવરંગપુરા, અમદાવાદ રાખવામાં આવ્યો હતો.

આ કેમ્પમાં હેલ્થ માટેના જુદાં જુદાં ૭૮ પરીક્ષણો એક છત નીચે કરવામાં આવ્યા હતા જેનો સમાજના ૫૦ સભ્યોએ લાભ લીધો હતો. પરીક્ષણના કુલ ખર્ચ રૂા. ૨૦૦૦ ની સામે સભ્યો પાસેથી માત્ર રૂા. ૫૦૦ લેવામાં આવ્યા હતા.

સપ્રાટેક માઈક્રો પેથના ડૉ. સંદીપભાઈ શાહ, શ્રી દીપક શાહ અને શ્રેય હોસ્પીટલના શ્રી મૌલિકભાઈ ત્રિવેદી તથા અન્ય કર્મચારીઓના સહકારથી હેલ્થ ચેકઅપ કેમ્પ સફળ રહ્યો.

સમયાંતરે આવા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવાનું અમારા ફાઉન્ડેશને નક્કી કરેલ છે. આપનો સાથ-સહકાર અપેક્ષિત છે.

-શશીકાન્ત સી. શાહ

-જયકુમાર સી. શાહ

● **મઢી**

મઢી (તા. બારડોલી)માં દિગંબર જૈન સમાજ દ્વારા પર્યુષણ પર્વની ઉજવણી મઢીના દિ. જૈન મંદિરમાં કરવામાં આવી હતી. અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પર્યુષણ પર્વના દિવસોમાં દશ લક્ષણ વિધાન. ભગવાનનો અભિષેક પૂજા અને શાસ્ત્ર વાંચન વગેરે પ્રવૃત્તિથી મંદિર ગુંજી ઉઠ્યું હતું.

પર્યુષણ પર્વ નિમિત્તે શ્રીમતી શિલ્પાબેન હેમંતભાઈએ ૧૬ ઉપવાસ તથા શ્રી પરેશભાઈ સૂર્યકાંતભાઈ શાહે ૧૦ ઉપવાસ કરેલ હતા.

● હેમા ત્થા કલ્પેશ વિનોદચંદ્ર શાહના સુપુત્ર ચિ. ઝલક વિશ્વની દ્વિતિય નંબરની યુનિવર્સિટી HEC Paris માં Masters in Managment (MIM) માં તેજસ્વી વિદ્યાર્થી તરીકે ૫૦% સ્કોલર્સીપ સાથે ૧ લી સપ્ટેમ્બરથી પ્રવેશ મેળવેલ છે. આમાં માત્ર ૧૫ ભારતીય વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં પસંદગી પામેલ છે. ૨૧ સપ્ટેમ્બરના રોજ પેરીસમાં હાઈએસ્ટ સ્કોલર્શીપનો એવોર્ડ મેળવેલ છે.

● શાહ સંયમ પરાગભાઈ હસમુખભાઈ (કલોલ-અમદાવાદ) સી.એ. ફાઈનલ જુલાઈ-૨૦૧૭માં પ્રથમ પ્રયાસે ૬૨% માર્કસ સાથે તેમજ સી.એસ. એક્ઝીક્યુટીવ ઓગષ્ટ ૨૦૧૭માં ઓલ ઈન્ડિયા લેવલે ૧૮ તેમજ ગુજરાતમાં ૪ થા રેન્ક સાથે પાસ થવા બદલ ખુબ ખુબ અભિનંદન...

● શ્રી નૃસિંહપુરા જૈન સમાજનું ગૌરવ

ધી જૈન સહકારી બેન્ક લી. એ ૭૧ વર્ષ જુની બેન્કની મુંબઈમાં ૫ બ્રાન્ચ અને પાલડી અમદાવાદમાં ૧ બ્રાન્ચ ચલાવતી બેન્કમાં આપણા શ્રી નૃસિંહપુરા દિગંબર જૈન સમાજના સન. ૨૦૧૭-૨૨ સુધીની મુદત માટે ૧. સી.એ. રોહિતભાઈ ચંપકલાલ વખારીયા પ્રમુખ તરીકે ૨. શ્રી દિનેશભાઈ શંકરલાલ શાહ ૩. પ્રવિણાબેન અમરતલાલ વખારીયા ૪. શ્રી અરૂણકુમાર પ્રવિણચંદ્ર વખારીયા ડીરેક્ટર્સ તરીકે ચુંટાઈ આવ્યા છે. આ બેન્ક ડીવીડન્ટ આપતી સમૃદ્ધ બેન્ક છે. તેનો સમાજના લોકોએ લાભ લેવા વિનંતી છે. આ બેન્ક સી.બી.એસ તેમજ એ.ટી.એમ. ધરાવતી બેન્ક છે.

● અમીબેન તથા પથીકકુમાર ચંદ્રકાન્ત મણીલાલ વખારીયા (કલોલ-અમદાવાદ)ની સુપુત્રી ચિ. માનુસી માસ્ટર્સ ઈન કોમ્પ્યુટર સાયન્સના ઉચ્ચ અભ્યાસ માટે અમેરીકા ગયેલ છે.

# શુભ કાર્ય માટે દરેક દિવસ શુભ છે.

આપણા સમાજમાં કેટલીય એવી પ્રથા-પરંપરાઓ ચાલતી આવી છ, જેનો આધાર અંધવિશ્વાસ સિવાય કશું જ નથી. અંધવિશ્વાસોથી લાભ તો શું નુક્સાન અવશ્ય થાય છે. પરંતુ લોકો તેના પર વિચાર કર્યા વગર આંખો બંધ કરીને માન્યા કરે છે. નુક્સાન વેઠીને પણ અંધવિશ્વાસોમાં માનવાનું કારણ એ જ હોય છે કે લોકોમાં યોગ્ય રીતે વિચારી શકવાની વિવેકબુદ્ધિ અને તેને તર્કની કસોટી પર કસીને પારખવાનું સાહસ હોતું નથી. કેટલીયવાર લોકો કોઇ અંધવિશ્વાસની વ્યર્થતા અને તેનાથી થનાર નુક્સાનોને જાણીને પણ સંસ્કારોને કારણે તેનો ત્યાગ કરી શકતા નથી. પરંપરાગત કોઇ અંધવિશ્વાસને અપનાવવાથી તે માણસોના સંસ્કારો સાથે મળી જાય છે અને ત્યારે તેને છોડવાના વિચારથી જ અનિષ્ટ થવાથી એક અવ્યક્ત આશંકા હેરાન કરવા લાગે છે. મોટાભાગના અંધવિશ્વાસો જોડે કોઈ દેવી-દેવતા કે છૂપી સત્તા પ્રત્યે આદર અવજ્ઞાની ભાવના જોડાયેલી હોય છે.

કોઈ દિવસને શુભ અને કોઈ દિવસને અશુભ માનવો સ્પષ્ટરૂપે એક અંધવિશ્વાસ છે. તેની પાછળ કોઈ પ્રકારનો વિવેકપૂર્ણ તર્ક નથી. મનુષ્યએ સમજવું જોઈએ કે બધા દિવસો તે પરમપિતા પરમાત્માના બનાવેલા છે. પરમાત્મા શુદ્ધ, બુદ્ધ અને પવિત્ર છે. એટલા માટે તેમની કોઇ રચનામાં વિકૃતિ કે વિકાર હોવાનું સંભવ નથી. તેમની રચનામાં દોષ કાઢવો મનુષ્યની પોતાની વિકૃત બુદ્ધિનું પ્રદર્શન માત્ર છે.



દરેક દિવસ પવિત્ર અને શુભ છે. એ વાત જુદી છે કે પરિસ્થિતિ, સંજોગ અને અવસરના કારણે કોઈવાર કે તિથિ કોઈના માટે અસુવિધાજનક બને. તેનાથી તેની પવિત્રતામાં કોઇ પ્રકારનો ફેર પડતો નથી. વિદ્વાનોનું કહેવું છે કે શુભ કાર્યો માટે દરેક દિવસ શુભ અને અશુભ કામો માટે દરેક દિવસ અશુભ છે. દિવસોના વિષયમાં આ પ્રકારની માન્યતા રાખવામાં બધી રીતે હિત છે. શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે જે વખતે દાન કરવાની સારી પ્રવૃત્તિ મનમાં જાગે તે વખતે જમણા હાથની વસ્તુને ડાબા હાથમાં લેવાનો વિલંબ ન કરવો જોઈએ. તેટલા વખતમાં કોઈ રાક્ષસી પ્રવૃત્તિ પ્રગટી શકે અને તેનાથી દાનની પ્રવૃત્તિ દબાઈ જાય અને માનવ એક પુણ્યકાર્યથી વંચિત રહી જાય.

શુભ-અશુભ દિવસનો વિચાર કરવો જ હોય તો તે ફક્ત અશુભ કાર્યો માટે જ કરવો યોગ્ય છે. એમકરવાથી તે વખતે અશુભ કાર્ય ટળી જશે અને મનુષ્ય પાપથી બચી જશે. ચોરી, જુગાર, લડાઈ, ઝઘડા વગેર ખરાબ કાર્યો કરવાની વૃત્તિ જાગે તે સમયે જ તેનો અમલ કરતાં પહેલાં માણસ તેના માટે શુભ-અશુભ દિવસનો વિચાર કરવા લાગે તો તે વખતે તે અશુભ આવેગ ચોક્કસ પ્રતિબંધિત થશે અને શક્ય છે કે તાત્કાલિક ક્રિયા ન થવાથી અપરાધ કે ખરાબ કરવાનો વિચાર ઢીલો પડી જશે. મનુષ્યનો બધો જ વિવેક જાગી ઊઠશે અને જ્યોતિષના ફળ મુજબ કોઈ વાત માટે કોઈ દિવસ પૂરી રીતે શુભ નથી. દરેક દિવસમાં કંઈને કંઈ મુહૂર્તની રાહ જોતાં-જોતાં તેની વૃત્તિ બદલાઈ શકે છે અને તે પાપ અને તેના પરિણામથી બચી શકે છે, જો તાત્કાલિક સક્રિય થવાથી પરિણામભોગવવું પડે. આ દૃષ્ટિકોણથી દિવસોના શુભ-અશુભ વિચાર કેટલી હદ સુધી સમજાય છે, શુભ કાર્યો માટે નહીં.

પરમાત્માના બનાવેલા બધા જ દિવસો સમાન રૂપથી શુભ અને પવિત્ર છે. આમાં શુભ-અશુભનું આરોપણ મનુષ્ય પોતે પોતાના વિચારોથી કરે છે. જે દિવસે જે ક્ષણે કોઇનામાં ખરાબ વિચાર આવે કે કોઇ ખરાબ કાર્ય કરવાની પ્રવૃત્તિ જાગે, તો સમજવું જોઇએ કે તે દિવસ, તે ક્ષણ મનુષ્યના માટે અશુભ શુભ વિચાર અને પવિત્ર પ્રવૃત્તિ જાગે તો માનવું જોઇએ કે તે દિવસ, તે ક્ષણ શુભ અને કલ્યાણકારી છે. આમ તો પરમાત્માનો બનાવેલો સમય શુભ-અશુભથી પર પરમપવિત્ર અને દોષ વિનાનો છે.

એ જાણીતું છે કે રાવણનો વિચાર સમુદ્ર પર પુલ બનાવવાનો અને સ્વર્ગ સુધી સીડી લગાવવાનો હતો, પરંતુ તે શુભ કાર્ય માટે તે કોઇ શુભ મુહૂર્ત શોધતો રહ્યો. વાત લંબાતી રહી અને તિથિ વારના શુભ-અશુભે ત્યાં સુધી વિઘ્ન લાવ્યા કે રાવણનો તે શુભ વિચાર કાર્યના રૂપમાં પરિણામન પામી શક્યો. (પૂરો ન થઇ શક્યો) અને તે આ સંસારમાંથી જતો રહ્યો. આથી ઊલટું જ્યારે તેણે સીતાજીને ઉઠાવવાનો વિચાર કર્યો તો શુભ-અશુભ મુહૂર્તની શોધ ન કરી અને વિચાર આવતાં જ તેને કાર્યના રૂપમાં પૂરુ કરી દીધું, એક ક્ષણનોય વિલંબ કર્યો નહીં. કેટલું સારુ હોત કે તેણે પુલ બનાવવા અને સીડી લગાવવાના શુભ કાર્યોની શરૂઆત કરવામાં શુભ-અશુભ મુહૂર્તોનો વિચાર ન કરત. રાવણ જો એવું કરી શક્યો હોત તો તેની કીર્તિનો ઈતિહાસ તે અપવાદથી જુદો હોત જે આજે પણ તેના નામસાથે જોડાયેલ છે. તે દિવસ ચોક્કસ જ તેના માટે શુભ હતો જે દિવસે તેને સમુદ્ર પર પુલ બનાવવાનો અને સ્વર્ગ સુધીની સીડી લગાવવાનો વિચાર કર્યો હતો અને તે દિવસ ઘડી ચોક્કસ અશુભ હતી જે સમયે તેના મગજમાં સીતાહરણ કરવાનો વિચાર આવ્યો. દુઃખ એ છે કે મનુષ્ય અશુભ કાર્યો માટે મુહૂર્તની શોધ કરતો નથી. તેને વિપરીત બુદ્ધિ કે અવિવેક સિવાય બીજું શું કહીં શકાય.

આ શુભ-અશુભ મુહૂર્તવાદનો અવિવેક ત્યાં સુધી વધી ગયો છે કે લોકો પોતાના જરૂરી કાર્યક્રમો સુધ્ધાં સ્થગિત કરે છે અને નુકસાન ભોગવે છે. કેટલાક લોકો પરદેશ જતી વખતે દિશાશુળનો વિચાર કરે છે, જે મુજબ કોઇ દિશાની યાત્રા માટે કોઇ દિવસ અશુભ અને કોઇ દિવસ શુભ ગણવામાં આવે છે. મુહૂર્તવાદી લોકો દિશાશુળના ભયથી યાત્રા કરી સ્થગિત કરીને કાર્યનું નુકસાન ભોગવે છે. જેમકે તેમને સોમવારે પૂર્વ દિશામાં કોઇ જરૂરી કામ માટે જવાનું છે અને તે દિવસ તે બાજુ માટે દિશાશુળના અંતર્ગત આવે છે તો મુહૂર્તવાદી યાત્રા સ્થગિત કરી દેશે, તેનાથી નક્કી તેનું કામબગડી જશે અને જો જરૂરિયાતોનું દબાણ તેને જવા માટે મજબૂર બનાવે તો તે આખા રસ્તે ખરાબ થવાની શંકાથી ત્રાસેલો રહેશે. કામની સફળતામાં સંદેહને લીધે નિરુત્સાહ અને નિરાશાની પીડા ભોગવતો રહેશે, જેનો ભાવનાત્મક કુપ્રભાવ તેની ક્રિયા અને કાર્ય પર પડશે. આ પ્રકારે ન તો તેને યાત્રાનો આનંદ આવશે અને જો કામમાં થોડીઘણી સફળતા મળશે, તો કાં તો તેને સંજોગ કહેવું પડશે કે તેનું સૌભાગ્ય. આમતો તેની ક્રિયા અને ભાવના બંને અસફળતાની ઘાતક હોય છે.

આવા મુહૂર્તવાદી જ જાણે કેટલા પ્રવાસી દિશાશુળના ભયથી પોતાના ઈન્ટરવ્યુ અને નોકરીઓ માટે જરૂરી યાત્રાઓ સ્થગિત કરીને આવેલ અવસર ખોઇને નોકરી બગાડે કે તેને રાખવા માટે પછી ખુશામત કરે, નાક રગડે, ક્ષમા માગે અને દંડ ભોગવ્યા કરે છે. આ ભલા માણસો એમકેમનથી વિચારતા કે આ રેલગાડીઓ, મોટરો, બસો, જહાજો અને વિમાનોમાં ભરેલા લોકો તે દિવસે તે બાજુ જાય છે, દિશાશુળ તેમને કોઇ નુકસાન નથી કરતું તો આપણું જ અનિષ્ટ કેવી રીતે શક્ય છે.

વાત્સવમાં વાત એમછે કે ન કોઇ શુભ-અશુભ દિવસ મુહૂર્ત હોય છે અને ન અનિષ્ટ દિશાશુળ. આ

અંધવિશ્વાસ તો આપણી માનસિક દુર્બળતાનો હોય છે, જે તેને ભયભીત કે શંકાશીલ બનાવે છે. આવા શંકાશીલ અશુભ વિશ્વાસી માનસવાળા વ્યક્તિના મુકાબલે તે વ્યક્તિ જે પરમાત્માના બનાવેલા બધા દિવસ, બધી ઘડી અને બધી દિશાને હંમેશાં શુભ માનીને નિર્ધારિત સમયમાં ઉત્સાહથી, અસંદેહ અને આશાથી પોતાના કર્તવ્ય કરે છે, કે જીવનમાં કોઇ વખત જ નિષ્ફળતાનું પરિણામમેળવે છે. તેનાથા ઊલટું મુહૂર્ત અને શુભ-અશુભવાદી કદમકદમપર અસફળતા અને અનિષ્ટતાની શંકાથી ઘેરાયેલા જોવા મળે છે.

શુભ-અશુભ મુર્હૂતવાદના અભિશાપથી વ્યક્તિ જ નહીં રાષ્ટ્રોને પણ નુકસાન થાય છે. આ દુર્બળતાથી ઈતિહાસના અક્ષર બદલાઈ જાય છે. મોટા-મોટા વીર અને સમૃદ્ધ દેશો હારી અને ગુલામબની જાય છે. સંસારમાં ભારત એક એવો દેશ છે જે એક મોટી સીમા સુધી આ અંધવિશ્વાસને પાળી રહ્યા છે. જ્યાં બીજા દેશ કાર્ય કરવા માટે એક ક્ષણનોય વિલંબ હાનિકારક માને છે અને સાધારણ કામોમાં પણ તત્પરતા બતાવે છે, ત્યાં આ આધ્યાત્મિક અને દિવ્યજ્ઞાનની ભૂમિભારતના નિવાસી મોટા-મોટા વિષમ અને મહત્ત્વના અવસરોએ મુહૂર્તના શુભ અશુભ હોવાની અંધ માન્યતાને કારણે પોતાના કાર્યક્રમોને સ્થગિત કરી દે છે. આ અંધવિશ્વાસે દેશને કેટલું નુક્સાન પહોંચાડ્યું છે, કેટલો ત્રાસ અને અપમાન પહોંચાડ્યું છે તેનું વિવરણ વાંચીને દુર્ભાગ્ય પર રડવું આવે છે.

મહેમુદ ગઝનીએ સોમનાથ મંદિર પર ચઢાઈ કરી. રાજપૂત રાજાઓની સેના લડાઇ કરવા માટે અને મંદિરનું રક્ષણ કરવા માટે તૈયાર થઇ આગળ જવાની હતી ત્યારે રાજ-જ્યોતિષીઓએ ગણતરી કરી જણાવ્યું કે, આ સમયે મુહૂર્ત યોગ્ય નથી, જો લડાઇ માટે આગળ જશો તો હાર થશે. તે વખતે મુહૂર્તવાદ તેની ચરમસીમાએ હતો અને પ્રજાથી માંડીને રાજા સુધી તે દુર્બળતાના શિકાર બનેલા હતા. એટલે સેનાઓના ઊઠેલા કદમઅટકી ગયા, નીકળેલી તલવારો મ્યાનમાં જતી રહી અને ચઢેલાં તીર ભાથામાં પાછા નાંખી દીધાં. આ અશુભ હતોત્સાહનું જે પરિણામથવાનું હતું તે થયું. ગઝનીએ મંદિર પર આક્રમણ કર્યું તેને તોડ્યું. અને ભગવાન શંકરના જ્યોતિર્લિંગના ટુકડે-ટુકડા કરી દીધા. આ હતું શુભ-અશુભ મુહૂર્તના અંધવિશ્વાસનું કુફળ જેને અપમાન, કલંક અને હારના રૂપમાં આખા દેશે ભોગવવું પડ્યું અને ભારતના ઈતિહાસમાં એક કલંકનું પાનું જોડાયું જેનો સામનો સંભવ નથી. છતાં પણ એક સમયનું આ નુક્સાન હંમેશ માટે શુભ બનત જો ભારતીઓએ તેમાંથી શિક્ષા મેળવી હોય અને શુભ-અશુભ મુહૂર્તવાદનો અંધવિશ્વાસ છોડી દીધો હોત. પરંતુ શું આવું બની શક્યું ?

બખ્યત્યાર ખિલજીએ બંગાળ ઉપર ચઢાઈ કરી. રાજાએ લડાઈની તૈયારી કરી. રાજ-જ્યોતિષીઓએ પોથી ખોલી તિથિ, વાર, નક્ષત્ર, યોગકરણ, ચંદ્રમા, મુદ્રા, ભરણી વગેરેને કારણે કોઇ દિવસ શુભ તો હોતો જ નથી. એટલે પોથીપરાયણ પંડિતોએ જણાવ્યું કે મુહૂર્ત શુભ નથી. લડાઈમાં હાર મળી (થઈ) શકે છે. અંધવિશ્વાસી રાજા ભાગી ગયો અને બખ્યત્યાર ખિલજીએ બંગાળની ગાદી પર બેસીને લડ્યા વગર જીતમાં સહાયક ભારતના મુહૂર્તવાદને ધન્યવાદ આપ્યા.

મુહૂર્તવાદની અંધમાન્યતાને લીધે થયેલ હાર અને અપમાનોથી ભારતનો ઈતિહાસ ભરેલો છે. મુહૂર્તવાદ અને શુભ-અશુભ તિથિ વારની માન્યતા સમયનો સૌથી મોટો દુશ્મન અને પ્રસંગનો ઘોર શત્રુ છે. જે આમાં વિશ્વાસ રાખે છે અને પંચાંગ જોઈને પગ ઉઠાવે છે તે કાર્યક્ષેત્રમાં એવો કાયર જ ગણવામાં આવશે, જે ન તો સમયનું મૂલ્ય જાણે છે અને ન વિશ્વાસપૂર્ણ પુરુષાર્થમાં વિશ્વાસ કરે છે. કોઈ દિવસ, ઘડી ન શુભ હોય છે ન અશુભ. આ એક અંધવિશ્વાસ છે જે મનુષ્યની પોતાની ભાવના પ્રમાણે ફળીભૂત થાય છે.

## સંસ્થાને ભેટ બદલ — ખુબ ખુબ અભિનંદન

| | |
|---|---|
| ૧૦૦૦૦૦/- | શ્રી દિપકભાઇ રતિલાલ કસ્તુરચંદ શાહ (કલોલ-મુંબઇ) તરફથી શાંતાબેન સુમનચંદ્ર વાડીલાલ શાહના ફોટાના અનાવરણ પ્રસંગે... |
| ૧૦૦૦૦૦/- | શ્રી જીતેન્દ્રભાઇ રતિલાલ કસ્તુરચંદ શાહ (કલોલ-મુંબઇ) તરફથી ઈન્દુબેન રતિલાલ શાહના ફોટાના અનાવરણ પ્રસંગે... |
| ૮૦૦૦/- | દિપકભાઇ ત્થા જીતેન્દ્રભાઇ રતિલાલ કસ્તુરચંદ શાહ (કલોલ-મુંબઇ)તરફથી સંસ્થામાં આહારદાન નિમિત્તે... |
| ૧૦૦૧/- | શ્રી શશીકાંત શાંતિલાલ શાહ તરફથી પૌત્ર ચિ. અદિતના જન્મદિવસ નિમિત્તે... |
| ૧૦૦૦/- | અ.સૌ. જયાબેન જશવંતલાલ ઈશ્વરદાસ શાહ (જહેર-અમદાવાદ)ના પૌત્ર-પૌત્રી તેમજ અવની પ્રજ્ઞેશભાઇ શાહના પુત્ર ત્થા પુત્રી ચિ. શ્રીનવ ત્થા ચિ. ઈશાના દશલક્ષણ પર્વના ઉપવાસ નિમિત્તે... |
| ૧૦૦૦/- | ચિ. વૈભવી નિલેશભાઇ ચંદ્રકાન્ત શાહ (ડબકા-અમદાવાદ) તરફથી દશલક્ષણ ઉપવાસ નિમિત્તે... |
| ૧૦૦૦/- | નૈનેશભાઇ હિરાલાલ શાહ (આમોદ-અમદાવાદ) તરફથી લાઈબ્રેરી હોલમાં બ્લડ ડોનેશન કેમ્પ નિમિત્તે... |
| ૧૦૦૦/- | શ્રી નૃ. દિ. જૈન કલ્ચર ગ્રુપ-અમદાવાદ તરફથી... |
| ૧૦૦૦/- | શાહ પ્રિયાંશ મયુરભાઇ (અમદાવાદ) મીકેનીકલ એન્જીનીયરીંગના પોસ્ટ ગ્રેજ્યુએશનના અભ્યાસ અર્થે તા. ૫-૯-૨૦૧૭ના રોજ કેનેડા (લંડન સીટી) ૨ વર્ષ માટે ગયેલ છે. તે નીમીત્તે... |
| ૧૦૦૦/- | પુષ્પાબેન નવીનચંદ્ર વખારીયાના સ્મરર્ણાથે શ્રી નવીનચંદ્ર ગીરધરલાલ વખારીયા પરીવાર તરફથી... |
| ૧૦૦૦/- | રજનીભાઇ શાંતીલાલ શાહ (નરોડા-અમદાવાદ)ના સ્મરણાર્થે સંસ્થાને ભેટ... |
| ૧૦૦૦/- | હિતેષભાઇ રમણલાલ શાહ (કલોલ-અમદાવાદ) તરફથી તેમના પિતાશ્રીના સ્મરણાર્થે સંસ્થાને ભેટ... |
| ૫૧૦/- | રજનીકાંત ડાહ્યાલાલ શાહ (મહુવા) તરફથી... |
| ૫૦૧/- | શ્રી શશીકાંત શાંતિલાલ શાહ તરફથી પુત્રી ચિ. રચનાના જન્મદિવસ નિમિત્તે... |
| ૫૦૧/- | શ્રી શશીકાંત શાંતિલાલ શાહ તરફથી સ્વ. શુભદ્રાબેન શાંતિલાલ શાહની પુણ્યતિથિ નિમિત્તે.. |
| ૫૦૦/- | સ્વ. હસમુખલાલ ચીમનલાલ શાહ (કલોલ-અમદાવાદ)ના સ્મરણાર્થે... |
| ૫૦૦/- | ચિ. પ્રાજુલિ દ્વિજેનભાઇ શાહ (વડોદરા) ની વર્ષગાંઠ નિમિત્તે... |
| ૫૦૦/- | શ્રી નરેશભાઇ કેશવલાલ શાહ (જહેર-અમદાવાદ) તરફથી સુપુત્ર ચિ. જીનેષ માસ્ટર્સ ઈન કોમ્પ્યુ. સાયન્સના ઉચ્ચ અભ્યાસ માટે ન્યુયોર્ક જવાની ખુશાલીમાં... |
| ૫૦૦/- | શ્રી દેવાંશ યોગેનભાઇ શાહ (અમદાવાદ-યુએસએ) તરફથી દશલક્ષણ ઉપવાસ નિમિત્તે... |
| ૫૦૦/- | હંસાબેન રાજેશભાઇ હીરાલાલ શાહ (જહેર-નરોડા)ના સુપુત્ર ચિ. વૃષાંગ કંપની તરફથી કુવૈત ગયેલ છે તેની ખુશાલીમાં... |
| ૨૦૦/- | અ.સૌ. કિંજલ અંકિતકુમાર સુરેશભાઇ વખારીયા (કલોલ-પુના) તરફથી પંચમેરૂના ઉપવાસ નિમિત્તે... |

હાર્દિક શુભેચ્છા

# નૂતન વર્ષાભિનંદન

આપના અનન્ય પ્રસંગે
તિથિને સંગ...

દિપકભાઇ રતીલાલ શાહ
મો. : ૯૮૨૫૪ ૧૮૨૨૫
કેયુર નરેન્દ્રભાઇ વખારિયા
મો. : ૯૬૮૭૦૦૬૦૯૯

# શુભ કેટરર્સ

# SUBH CATERERS

## દરેક પ્રસંગને અનુરૂપ

- ☑ ગુજરાતી
- ☑ પંજાબી
- ☑ ચાઇનીઝ
- ☑ મેક્સીકન
- ☑ ઇટાલીયન
- ☑ કાઠીયાવાડી

**દરેક જાતના શુભ પ્રસંગોમાં કેટરીંગ ક્ષેત્રે નામાંકીત**

ધાર્મિક પ્રસંગો ✦ વેવીશાળ ✦ સંગીત સંધ્યા ✦ ડી. જે. પાર્ટી
લગ્ન પ્રસંગે ✦ જન્મદિવસની ઉજવણી ✦ પિકનીક ✦ ઇવેન્ટ્સ

**ઉત્કૃષ્ટ ક્વોલીટી અને સર્વિસ માટે ફક્ત એકજ નામ**

# શુભ કેટરર્સ


એફએફ-૫, બાબા રામદેવ કોમ્પ્લેક્ષ, દિગંબર જૈન મંદિરની બાજુમાં,
સાજન પાર્ટી પ્લોટની સામે, ભુયંગદેવ ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૬૧.



# Ravi

| | | |
|---|---|---|
| Name | : | Ravi Shah |
| Height & Weight | : | 6'1" • 70 KG |
| Complexion | : | Fair |
| Date of Birth | : | 1st July 1990 |
| Birth Time & Place | : | 11:18 AM • Ahmedabad |
| Qualificataion | : | Master of Science in Computer Science (Purdue University USA Bachelor Of Engineering Computer Science (Gujarat University India) |
| Current Job | : | Software Engineer @ Truckstop.com Chicago, Illinois, USA |
| Religion | : | Jain |
| Caste | : | Nrusinhpura Digambar Jain |
| Gotra | : | Khaddhar |
| Native | : | Kerwada, Ta. : Amod, Dist. : Bharuch |
| Father | : | Haresh Navalchand Shah |
| Occupation | : | Central goverment officer (Retired) |
| Mother | : | Bharti Haresh Shah |
| Occupation | : | Housewife |
| Sister | : | Bhavita Purvesh Shah (Married) |
| Sister | : | Kavita Mayank Ankleshwaria (Married) |
| Mosal | : | Harish Chandrakantbhai Vakharia (Usmanpura, Ahmedabad) |
| Address | : | 13, Gopal Appartment, Near Madhuvrund Society, Ghatlodia, Ahmedabad-380061 |
| | : | 751 W Bode Cir, APT #307 Hoffman Estates, Illinois 60169 USA |
| Mobile | : | My : +1-317-531-1259<br>Father : +91-9586421285,<br>(R) 079-27487585 |
| Email | : | Father-hareshshah38@gmail.com(Father)<br>imrvshah@gmail.com(Ravi) |

**Note : Comming to India on 25-12-17 & to stay up to 22-1-18**



# Grinesh


| | | |
|---|---|---|
| Name | : | Grinesh Sanjaybhai Sanghavi |
| Birth Date / Time | : | 25th February 1990, 10:37 PM |
| Place of Birth | : | Naroda, Ahmedabad |
| Height | : | 5’3" |
| Education | : | Bachelor of Engineering (Mechanical)Master of Science in Computational Mechanics |
| Occupation | : | R&D EngineerSchaeffler Engineering, Germany |
| E-mail | : | grinesh.sanghavi@gmail.com |
| Current Address | : | Jülicher Str. 74 52070 AachenGermany |


## Family Details

| | | |
|---|---|---|
| Father | : | Sanjaybhai Bhikhubhai Sanghavi |
| Mother | : | Ilaben Sanjaybhai Sanghavi |
| Sister | : | Donika Sanjaybhai SanghaviPursuing C.A. Final |
| Grand Father | : | Late Bhikhubhai Manilal Sanghavi |
| Grand Mother | : | Shakuntlaben Bhikhubhai Sanghavi |
| Gotra | : | Kankulol |
| Mosal | : | Late Champaklal K Shah (Naroda) |
| Address | : | 153/2 Near Rameshwar AppartmentCollege road,Kalol – (N.G) 382721 |
| Contact | : | 02764-225893, Mob. No. 9898110574 |

**Note : Likely to come on 24-11-2017**




संयम कीर्ति स्तंभ
लोकार्पण समारोह
नमनकर्ता
स्व. दिनुभाई विमलशीदास संघवी परिवार
निवेदक
दक्षेशभाई - तन्वीबेन - स्तुति - प्रार्थना

संयम कीर्ति स्तंभ
लोकार्पण समारोह
दिनांक : ११ अक्टूबर २०१७
स्थान : स्तुति निवास, जी-२, शीवालिक-२,
सी. पी. नगर के सामने, भूयंगदेव चार रास्ता, सोला रोड







# Vihang

| | | |
|---|---|---|
| Name | : | Vihang Prabodhbhai Shah |
| Date of birth | : | 24th March '88 |
| Time | : | 9.40 A M |
| Place | : | Mumbai |
| Height | : | 6'00" |
| Education | : | MBA (finance) B.Com, P G DBM |
| Job | : | Lupin Pharma |
| Resi Add. | : | G-204, Akshar Paradise, Near Deeps Party Plot, Atladra, Bill Road, B/h. Narayan Vadi hotel, Atladra, Baroda-390012 |
| Phone | : | 9724821700 |
| Cast | : | Digamber Jain |
| Gotra | : | Bhilansora |
| Native Place | : | Dabka |
| Father name | : | Prabodhbhai G. Shah |
| Mother name | : | Chandrikaben P. Shah |
| Phone | : | 9898717176, 9974011792 |
| Sister | : | 2 (1 Married) |
| Mosal | : | Dineshbhai Lalubhai Shah<br>Ambrishbhai Lalubhai Shah<br>boriwali (Mumbai) |



# Brinda

| | | |
|---|---|---|
| Name | : | BRINDA DIPAK GHEEWALA |
| Birth Date & Time | : | 27th January, 1991 |
| Birth Time | : | 3:50 AM (26th night-27th day) |
| Birth Place | : | Kapadwanj |
| Height | : | 5'4" |
| Weight | : | 64 |
| Education | : | B.Sc. (Mathematics), M.Sc. (Mathematics), M.Phill (Running) |
| Occupation | : | Lecturer (NAVYAG SCIENC COLLEGE, SURAT.) |
| Gotra | : | Sapteswar |

## DETAILS

| | | |
|---|---|---|
| Father | : | Dipakbhai Vasantlal Gheewala |
| Occupation | : | Business (Yarn Merchant) |
| Mother | : | Dharini Dipak Gheewala (Post & L.I.C. Agent) |
| Sister | : | Payal Gheewala |
| Brother | : | Abhishek Gheewala |
| Address | : | 4, Nikunj Soc., Kadampalli, B/H. Mehta Park, Timaliyawad, Nanpura, Surat-395001 |
| Mosal | : | Manubhai Hemchand Shah (Kapadwanj) |



# Manali

| | | |
|---|---|---|
| Name | : | MANALI MANOJBHAI SHAH |
| Birth Date & Time | : | 22th April, 1994, 5.20 A.M. |
| Birth Place | : | Bombay |
| Height & Weight | : | 5'3" - 58 Kgs. |
| Native Place | : | Ahmedabad |
| Education & Qualificaation | : | B.C.A. |
| Hobbies | : | Music, Movies, Travelling. |
| Job Profile | : | Developer in Commerce Pandit, Panjarapole, Ahmedabad. |
| Address | : | F/6, Kalptaru Flats, Mirambica Road, Near Jaymangal Bus Stand, Naranpura, Ahmedabad-380013. |
| Telephone | : | R. 079-27440905 M. 9376142704 - 9727383083 |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Father | : | Manojbhai Premchand Shah |
| Mother | : | Neeta Manojbhai Shah |
| Brother | : | Vrutik Manojbhai Shah (10Th Std.) |
| Occupation | : | Business (Arihant Glass Merchant-Vadad) |
| Moshal | : | Jayantilal Hargovindas Vakharia (Kalol) |
| Mota Papa | : | Maheshbhai Premchand Shah (M. 9825042704) |

# ધાર્મિક પ્રશ્નાવલી નં. ૭

(૧) બન્ને પ્રશ્ન પત્રના જવાબો સ્વચ્છ અક્ષરમાં લખશો.
(૨) આપનું પુરૂ નામ, સરનામું, વતન, ટેલીફોન નં. વગેરે આપશો.
(૩) જવાબ એક અલગ બંધ કવરમાં 'ધાર્મિક પ્રશ્નાવલી' ગૃહપતિ, કે. જે. છાત્રાલયના સરનામે તારીખ ૨૫-૧૧-૨૦૧૭ પહેલા મોકલશો. તે પછી આવેલ જવાબો અસ્વીકાર્ય રહેશે.
(૪) નિર્ણાયકનો જવાબ આખરી ગણાશે જે તમામ સાધકોને બંધન કર્તા રહેશે, આ સ્પર્ધા નૃ. દિ. જૈન ના સાધર્મિક પૂરતી મર્યાદિત છે.
(૫) આપના દ્વારા મોકલાવેલ જવાબો માટે માત્ર ફુલ સ્કેપ પેપર વાપરશો. ડાયરીનો કોરો કાગળ, લખેલા કાગળ પાછળ, નાના કાગળમાં લખેલા જવાબો રદ બાતલ ગણવામાં આવશે.
(૬) ધાર્મિક પ્રશ્નાવલીનો મુખ્ય ઉદ્દેશ સમાજના લોકો શાસ્ત્ર સ્વાધ્યાય સાથે જોડાય તેજ ભાવના છે.
(૭) ધાર્મિક પ્રશ્નાવલી નં. ૬ ના જવાબો.
પ્રશ્ન - ૧. (૧) પરમપદ (૨) ૫૨૫, ૩.૫ (૩) અનંત વીર્ય (૪) અનુબદ્ધ, મથુરા (૫) શ્રીધર, કુંડલગીરી (૬) અવગાહનત્વ (૭) ૬ માસ ૮ સમય, ૬૦૮
પ્રશ્ન - ૨. (૧) અગુરુલઘુત્વ (૨) અવ્યાબાધત્વ (૩) અભ્યન્તર (૪) ઈર્યા (૫) ૧૪, ૧૦ (૬) તપ, પરિષહ (૭) ગણિની (૮) જય જીનેન્દ્ર
(૮) જૂન-જુલાઇ ૨૦૧૭ ના ધાર્મિક પ્રશ્નાવલીના વિજેતા નીચે મુજબ છે.
(૧) નીલમબેન નીરવભાઇ શાહ - અમદાવાદ
(૨) અજીતાબેન કિરીટકુમાર શાહ - કલોલ
(૩) ચંદ્રિકાબેન રમેશચંદ્ર શાહ - કલોલ

**પ્રશ્નપત્ર - ૧**

એક વાક્યમાં જવાબ આપો.

૧. શ્રવણ બેલગોલામાં બાહુબલીની મૂર્તિ કોની પ્રેરણાથી બની છે ?
૨. અરિહંત અવસ્થામાં અરિહંત પરમેષ્ઠી વધુમાં વધુ કેટલો સમય રહે છે ?
૩. સાત નરકોમાં કુલ કેટલા પ્રકીર્ણક બીલ હોય છે અને કયા કયા ?
૪. વનસ્પતિ કાયના કેટલા પ્રકાર છે અને કયા કયા છે તે જણાવો ?
૫. ભરતક્ષેત્રના આર્યખંડથી સૂર્ય કેટલા માઇલ દૂર છે ? અંકમાં લખો.
૬. છ દ્રવ્યના સામાન્ય ગુણો જણાવો.
૭. તે કોણ હતી કે જેના શીલના પ્રભાવથી કાળો ચંદરવો સફેદ થઇ ગયો ?
૮. સુપાર્શ્વનાથ ભગવાનનો તીર્થ પ્રવર્તન કાળ કેટલો ?
૯. મોક્ષ કલ્યાણકનું બીજુ નામ કયું ? તેને કયું કલ્યાણક કહે છે ?
૧૦. ભગવાનની વાણી કેવી રીતે ખરે છે ?

**પ્રશ્નપત્ર - ૨**

ખાલી જગ્યા પુરો.

૧. ણમોકાર મંત્ર ના પદનું ચિંતવન કરવું તે ................. ધ્યાન છે.
૨. જમ્બુદ્વિપમાં ................. આર્ય ખંડ છે.
૩. સંપૂર્ણ દ્વાદશાંગ અંગના પાઠીને ................. કહે છે.
૪. નારાયણની ................. રાણી હોય છે.
૫. ................. પરમેષ્ઠીની ચારિત્રની પૂર્ણતા પૂર્ણ થઇ ગઇ હોય છે.
૬. લવ-કુશ ................. સિધ્ધ ક્ષેત્રથી મોક્ષે ગયા.
૭. ભગવાન આદિનાથનો જન્મ................. નક્ષત્રમાં થયો હતો.
૮. શતાર-સહસ્ત્રાર સ્વર્ગમાં ................. જિનાલયોની સંખ્યા છે.
૯. સમ્યકજ્ઞાન ના ................. , ................. અને ................. દોષ છે.
૧૦. લક્ષણના ................. અને ................. ભેદ છે.

સાચા જવાબ આપનાર વ્યકિતને યોગ્ય પુરસ્કાર આપવામાં આવશે.

ધાર્મિક પ્રશ્નાવલીનાં સૌજન્યકર્તા : શ્રી શાન્તીલાલ છોટાલાલ શાહ પરિવાર-અમદાવાદ

# ● તીર્થયાત્રાનું મહત્વ ●

તીર્થયાત્રા કરવાનું મહત્વ શું છે ? તીર્થ એટલે શું ? તીર્થયાત્રા કરવાનું મહત્વ "સર્વોદય તીર્થ" યા ને સ્વ + ઉદય આ પદ સ્વ ઉદય તીર્થ ૬ શબ્દથી બનેલ છે. તીર્થયાત્રા કરી સંસાર સમુદ્ર પાર ઉતરવા માટે આ સમર્ચિત દ્વાર સૂચિત કર્યો છે. તીર્થયાત્રાનો આશ્રય લઈ દરેક ભવ્ય જીવનો ઉદ્ધાર થાય છે. સર્વના હૃદય ઉત્કર્ષમાં અથવા આત્માના પૂર્ણ વિકાસમાં પરમસહાયક બને છે તીર્થયાત્રા દુઃખનો અંત લાવનાર છે. તીર્થ એ બધા જ પ્રાણીઓનો અભ્યુદયનો કરૂણ તથા આત્માનો પૂર્ણ ઉદયનો વિકાસ કરનાર સાધક છે તીર્થ અને ધર્માયતન એ આપણી સંસ્કૃતિનું પ્રતિક છે. શ્રદ્ધાનો આધાર સ્થંભ છે. આપણાં સિધ્ધક્ષેત્ર-તીર્થક્ષેત્ર અને અતિશયક્ષેત્ર નિષ્ઠા અને આસ્થાનું કેન્દ્ર છે. પ્રાચીન ધરોહર અને અમૂલ્ય નિધિ છે તીર્થ એ આપણી આસ્થા અને નિષ્ઠાની ફુલવાડી છે. તીર્થની રક્ષા કરવી દરેક શ્રાવકની ફરજ છે.

તીર્થરાજ સમ્મેદશિખરજી-ગિરનાર-પાવાગઢ આ આપણા અનાદિનિધન તીર્થ છે આપણી અમૂલ્ય ભૂમિછે. સમ્મેદશિખરજીની ભૂમિના કણ કણમાં તીર્થંકરો પ્રત્યેની આપણી આસ્થા સમાયેલી છે. જ્યાં અનંતાઅનંત પરમેષ્ઠી સિધ્ધ થયા છે. તીર્થયાત્રા કરવાથી અને દાન દેવાથી સાચી ભક્તિ નથી થતી તે માટે આપણે સાચી નિષ્ઠા અને ખરા દિલથી ભક્તિ કરવી પડે છે તીર્થયાત્રાના પ્રારંભમાં તન, મન, ધનથી પૂર્ણ સંસારનો ત્યાગ કરી સાચી નિષ્ઠા, ભક્તિ, શ્રદ્ધાથી પ્રારંભ કરવો જોઈએ. ખરેખર શ્રદ્ધા ભક્તિથી સમર્પણ કરેલી યાત્રા ભક્તિ નર થી નારાયણ બનાવી દે છે. જો આપણા તીર્થ, મંદિર, મૂર્તિ નષ્ઠ થઈ જાય તો આપણે આપણી ભક્તિ ક્યા સ્થંભના સહારે ચલાવી શકીશું. ? પૈસાથી મંદિર, મૂર્તિ ખરીદી શકાય છે. પંચકલ્યાણક કરી શકાય છે પરંતુ ભગવાન નથી બનાતુ ખરી ભક્તિ તો આપણા અંતરંગના વિશુદ્ધ ભાવોથી થાય છે.

દરેક તીર્થસ્થાન સમવશરણનું ઉત્તમક્ષમાનું મુખ્ય પ્રતિક છે. સમવશરણની વિશેષતા એ છે કે મૃગેન્દ્ર અને ગાયનું એક સાથે એક જ ઘાટ ઉપર પાણી પીવું તેમમનુષ્ય અને પશુ પક્ષી બધા જ પ્રેમથી હળીમળીને ધર્મસભામાં ભગવાનની દિવ્ય ધ્વનિ સાંભળે છે. સમવશરણમાં ગણધર, ઋષિ, મુનિગણ, કલ્પવાસી, ભવનવાસી, વ્યંતરવાસી, જ્યોતિષી દરેક દેવ-દેવીઓ, ચક્રવર્તી રાજા, મનુષ્ય, તીર્યંચ, નારકી દરેક જીવ સાથે બેસી ધર્મોપદેશ રૂપી અમૃતનું પાન કરે છે. વર્ધમાન મહાવીર જે ધર્મ તત્વની શોધમાં સત્યની શોધમાં ઘરબાર ત્યાગ કરી પરમતપ સાધનામાં તલ્લીન રહ્યા. આ તત્વને સમજવા માટે સંસારના દરેક સ્થળેથી આવનાર સમયને અનુકુળ રહી ધર્મસભામાં જઈ ત્યાંની શ્રુતિને જાણવા માગે છે. ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા માટે દરેક પશુગણ પણ અત્યંત વિનિત થઈ શાંતભાવથી અહિંસાના પ્રભાવથી દ્વેષ, ઈર્ષા, રાગ રહિત આવે છે.

આમઅત્યારે મહાવીરનું શાસન ચાલી રહ્યું છે. વર્ધમાનનું સર્વોદય તીર્થ દરેક જીવો માટે કલ્યાણકારી બને, મંગલમય બને.

---

## ભારત સરકાર દ્વારા જૈન લઘુમતી વિદ્યાર્થીઓને મળતા લાભ

| મેરિટ કમ મીન્સ સ્કોલરશિપ | | | |
|---|---|---|---|
| બધા તકનીકી તથા વ્યાવસાયિક કોર્સ | રૂા. ૨૫૦૦૦<br>રૂા. 30000 | ૧ જુન થી ૩૦ સપ્ટે. ૧ જુન થી ૧૫ નમ્વેબર ઓનલાઈન | વિદ્યાર્થીઓના પરિવારની કુલ વાર્ષિક આવક રૂા. ૨.૫ લાખ કે ઓછી |

### અન્ય યોજનાઓ

- દેશ તથા વિદેશમાં ઉચ્ચ શિક્ષણ હેતુ National Minorities Development & Finance Coropration (NMDFC) ની ઓછા વ્યાજ દર ની લોન યોજના.
- વિદેશમાં ઉચ્ચ શિક્ષા કે પી.એચ.ડી. કરવામાં બ્યાજની વિના કે ભણો પરદેશ યોજના.
- ફ્રી કોચિંગની અનેક યોજનાએ.
- એમ.ફિલ. તથા પી.એચ.ડી. કરવાવાળા ઉમેદવારોને દરમહિને રૂા. ૨૫૦૦૦ થી ૨૮૦૦૦ મળે તેથી મૌલાના આજાદ રાષ્ટ્રીય ફેલોશિપ યોજના.
- ૧૧માં ધોરણની તેજસ્વી વિદ્યાર્થીનિઓ માટે મૌલાના આજાદ સ્કોલરશીપ યોજના.

- બધી online અરજી હવે માત્ર www.scholorships.gov.in પર Logon કર શકશે.

મહત્વપૂર્ણ : સમ્પૂર્ણ દેશમાં ૮૪ પ્રીમિયર સંસ્થાન એવી છે જેમાં ભણતા વિદ્યાર્થીઓને પ્રવેશ તથા શિક્ષણ ફીની પૂરી રકમ સ્કોલરશીપ રૂપે મળે છે. સંસ્થાનોની જાણકારી www.minorityaffairs.gov.in પર ઉપલબ્ધ છે.

વધુ જાણકારી માટે સંપર્ક :
E-mail : helpminority@bjsindig.org
ભારતીય જૈન સંગઠન, પુણે
(૦૨૦-૪૧૨૦૦૬૦૦, ૪૧૨૮૦૦૧૧, ૪૧૨૮૦૦૧૨/૧૩)

Jainam Jayati Shasanam
WhatsApp-8898336677

# દુનિયા આપોઆપ બરાબર થઇ જશે

એકવાર કોઇ રાષ્ટ્રના પ્રમુખે પોતાના રહેણાંકના સ્થાને પોતાના ચુનંદા પ્રધાનોને દેશ અને દુનિયાના મૂંઝવતા પ્રશ્નોની ચર્ચા કરવા બોલાવ્યા. આ ગંભીર ચર્ચા ચાલી રહી હતી તે જ વખતે પ્રમુખનો દસેક વર્ષનો પુત્ર ત્યાં આવીને પિતાને કહેવા લાગ્યો, ''ડેડી, મારો આ રોબોટ બગડી ગયો છે. તેને ઠીક કરી આપોને'' પ્રમુખે તેને સમજાવતાં કહ્યું, ''બેટા, અમે અત્યારે ખુબજ મહત્વની વાતો કરીએ છીએ. તું ૧૦ મીનીટ પછી આવ.'' જ્યારે ૧૦ મીનીટ પછી આ બાળક ફરીથી આવ્યો ત્યારે પણ પ્રમુખ ગંભીર ચર્ચામાં ડૂબેલા હતા. તેમણે પુત્રને બીજા અર્ધા કલાક પછી આવવા કહ્યું. જ્યારે અડધા કલાક પછી આ બાળક પાછો આવ્યો ત્યારે પ્રમુખ પાસે કોઇ બહાનું ન રહ્યું. પુત્રને બીજા કાર્યમાં વ્યસ્ત કરવા પ્રમુખે યુક્તિ કરી. તેમણે દિવાલ પર લટકતા દુનિયાના નકશાને ઉતારીને હાથથી તેનાં ૨૫-૩૦ ટુકડા કરી નાંખ્યા અને પુત્રને આપીને કહ્યું, ''બેટા, આ દુનિયાના નકશાના ટુકડાઓ છે. જો તું આ બધા ટુકડાને જોડીને ફરીથી દુનિયાનો નકશો બનાવી લાવે તો હું તને મોટું ઇનામ આપીશ અને તારો રોબોટ પણ ઠીક કરી આપીશ.''



પ્રમુખે વિચારેલું કે આ કામ તેમના પુત્ર માટે અઘરું છે. હવે એકાદ કલાક સુધી તેમનો પુત્ર તેમને ખલેલ નહીં પહોંચાડે, પરંતુ દસ જ મીનીટમાં આ બાળક ટુકડા જોડેલાં નકશા સાથે હાજર થઇ ગયો. પ્રમુખને આ જોઇને નવાઇ લાગતાં તેમણે પુછ્યું, ''બેટા, આટલી ઝડપથી તેં આ નકશાને કેવી રીતે ઠીક કર્યો'' પુત્રએ જવાબ આપતાં કહ્યું, ''ડેડી, આ તો ખૂબ જ આસાન હતું. તમે જે નકશાના ટુકડા આપેલા તેની પાછળની બાજુએ માણસનું ચિત્ર હતું. જેમાં મેં માથું, હાથ, પગ વિગેરે જોયાં. આ બધાને જોડવાં ખુબજ આસાન હતાં, એટલે મેં તેમને જોડી દીધાં. તમે એવું માનતા હતા કે, મારે દુનિયાને સરખી કરવી જોઇએ. પરંતુ મેં ફક્ત એટલું જ વિચાર્યું કે, એક તરફ જો માણસ બરાબર થઇ જશે તો બીજી તરફ દુનિયા આપોઆપ બરાબર થઇ જશે.''


# લોકો તરફથી મળતી નકારાત્મકતાને ખંખેરી નાખો



ગામના એક દરબાર ઘણાં ઘોડાઓ રાખે. એકવાર ઘોડો ફરતા ફરતા ગામના એક અવાવરૂ કૂવામાં પડી ગયો. કૂવો ખૂબ ઉંડો હતો. પણ પાણી બિલકુલ નહીં. કૂવામાં પડી ગયા પછી ઘોડોએ મદદ માટે અવાજો કરવા માંડ્યા. ઘોડાનો અવાજ સાંભળી ને ગામના લોકો ભેગા થઇ ગયા. લોકોએ ઘોડાને કૂવામાંથી કાઢવાનો પ્રયત્ન કર્યો. પરંતુ એટલાં બધાં ઉંડા કૂવામાંથી ઘોડાને બહાર કાઢવાનું અશક્ય લાગ્યું. છેવટે ગામની એક વ્યક્તિએ દરબારને સૂચન કર્યું, ''દરબાર તમારો આ ઘોડો આમ પણ હવે ઘરડો થયો હતો અને કૂવામાં પડવાથી એના પગ ભાંગી ગયા હશે. આવા ઘોડાને બહાર કાઢશો તો તે તમારા કશા કામમાં પણ આવવાનો નથી. તો પછી તેને બહાર શા માટે કાઢવો જોઇએ ?વળી, આ કૂવો પણ અવાવરૂ છે. કશા કામનો નથી. આપણે કૂવાને માટીથી પુરી દઇએ, તો ઘોડો પણ દટાઇ જાય અને કૂવો પણ પૂરાઇ જાય. જેથી ભવિષ્યમાં બીજું કોઇ કૂવામાં ન પડી જાય.'' દરબારે સૂચન સ્વિકારી લીધું, બધા લોકોએ સાથે મળીને માટી, રોડા વગેરે આસપાસથી લાવીને કૂવામાં નાખવાનું શરૂ કર્યું. કૂવાની અંદર ઘોડા ઉપર ધીમે ધીમે માટી અને રોડાનો ઢગ થવા માંડ્યો. હવે ઘોડાને પોતાનું મૃત્યુ નજીક જણાયું. જ્યારે શરીરનો થોડોક ભાગ માટીની બહાર રહ્યો ત્યારે તેણે વિચાર્યું કે આ રીતે તો હું ચોક્કસ મરી જવાનો પણ જો માટીને ખંખેરીને એકવાર ઉભો થઇ જઇશ તો ચોક્કસ જીવી જઇશ. અને તેણે પ્રયત્ન કરીને શરીર ઉપરની માટી ખંખેરી નાંખી એ માટીના ઢગલાં ઉપર ચડી ગયો. ત્યાર પછી બહારથી લોકો માટી ફેંકતા ગયા અને ઘોડો પોતાના શરીર ઉપરની માટી ખંખેરીને તેના ઉપર ઉભો થતો ગયો. આમ, ધીરે ધીરે કૂવો પુરાતો ગયો અને ઘોડો છેક કૂવાની બહાર આવી ગયો.

# નવી જનરેશન જરૂર ઊજવશે-
# એવરી-ડે, પેરન્ટ્સ-ડે

પશ્ચિમની સંસ્કૃતિએ આપણને મધર્સ-ડે, ફાધર્સ-ડે, પેરન્ટ્સ-ડે, ઊજવવાનું શીખવ્યું. ત્યાંની લાઈફમાં ફેમિલી-લાઈફ જેવું ખાસ બચ્યું નથી, એટલે એ લોકોને કદાચ આવી એક દિવસીય ઊજવણીઓ કરીને મન મનાવવું પડતું હશે. આપણે ત્યાં તો જોઈન્ટ-ફેમિલીનો કોન્સેપ્ટ પરંપરાથી ચાલ્યો આવ્યો છે. દરરોજ સવારે ઉઠીને પેરન્ટ્સને પગે લાગવાના સંસ્કાર ગળથૂથીમાંથી જ મળેલા છે. એટલે પેરન્ટ્સ-ડે જેવી એક દિવસીય ઊજવણી કરવાની આપણને જરૂરજ ક્યાંથી પડે ? આપણે માટે તો એવરી-ડે, પેરન્ટ્સ-ડે ! છતાં આજના યુગમાં આપણો જોઈન્ટ-ફેમિલીનો કોન્સેપ્ટ થોડો નંદવાયો છે. હવે આપણે ત્યાં પણ વિભક્ત કુટુંબો અને ઘોડિયાંઘર તથા ઘરડાંઘર જેવી બાબતો વ્યાપક બની રહી છે. પશ્ચિમની સંસ્કૃતિ પાસેથી આપણને ડિસિપ્લીન, મેનર્સ વગેરે બાબતે ઘણું સારું શીખવાનું મળ્યું છે એ કબુલ, પરંતુ આપણી ફેમિલી-લાઈફ જે રીતે ડિસ્ટર્બ થઈ રહી છે તે અત્યંત દુઃખદ બાબત છે. એ પણ સ્વીકારવું જ રહ્યું.



મર્યાદા અને સંસ્કૃતિના નામે આપણે પહેલેથી જ ઘણી બાબતોમાં પછાત રહેવાનું સ્વીકારી લીધું હતું. પરંપરા બંધિયાર બની ગઈ હોય છતાં એમાંથી મુક્ત થવાની આપણી તૈયારી નહોતી. પરંતુ નવી જનરેશનને પછાત રહેવાનું કેમગમે ? સ્વતંત્રતા તો સૌ કોઈ ઝંખે જ ને ? ઘણા વખતથી દબાવી રાખેલી પરિસ્થિતિએ આખરે છીડાં પાડી દીધાં અને સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા તરફ નવી જનરેશન ફંટાઈ ગઈ. એમાં પણ આપણે આખરે તો નવી જનરેશનને જ દોષિત ઠરાવવાના ઉધામા કરતા રહ્યા. બે જનરેશન વચ્ચે અંતર હોવું એ જુદી વાત છે અને વૈમનસ્ય હોવું એ જુદી વાત છે. દુર્ભાગ્યે આ વાત સમજવામાં આપણે મોળા અને મોડા પણ પડ્યાં.

સમયની સાથે ઘણું-ઘણું બદલાતું રહેતું હોય છે. છતાં શાશ્વત મૂલ્યોનાં મૂળિયાં સાથેનું અનુસંધાન જળવાઈ રહે તે આવશ્યક છે. નવી જનરેશન પોતાનાં પેરન્ટ્સ પ્રત્યેનો આદરભાવ જાળવી રાખે એ કાંઈ અશક્ય નથી. બંને પક્ષે સાચી સમજણ હોય અને મમત્વ ન હોય તો એ શક્ય જ છે.

આજે આપણા સમાજમાં કેટલાંક પેરન્ટ્સની પાછલી વય કરુણાજનક બની ગયેલી જોવા મળે છે. જિંદગીભર અનેક યાતનાઓ અને સંઘર્ષો વેઠીને પોતાનાં સંતાનોને ઉછેર્યા પછીય જો તેમણે એવી દયનીય સ્થિતિમાં રિબાવું પડે તો એ સંતાનો માટે શરમજનક અને પેરન્ટ્સ માટે પીડાજનક ગણાય. વાંક કોનો છે એનું વિશ્લેશણ થઈ શકે અને કરવુંય જોઈએ, પણ એમકરવાથી ઉપાય કદાચ થોડો દૂર ધકેલાય. જૂની જનરેશનનાં જિદ અને સંકુચિત ખ્યાલો સામે નવી જનરેશનની ઉદારતા અને નિષ્ઠાપૂર્વકની સંવેદનાનો મોરચો મંડાય તેવું આપણે ઈચ્છવુંજ રહ્યું. નવી જનરેશન આપણે ધારી લીધી છે એટલી વંઠી નથી ગઈ. પેરન્ટ્સ પ્રત્યે ચોવીસ કેરેટનો આદરભાવ જળવાય તેનો યશ ભલે નવી જનરેશનને મળતો !

# MAHAVIR SHAH & ASSOCIATES

## (DEBT'S INSTRUMENTS DEALER)

## PRESENTS FINANCIAL ASSISTANCE / ARRANGEMENTS:

### UNDER BANNER

- M/S. MONEY INDIA : FOR THE CORPORATES, SMALL SCALE BUSINESS ETC
- M/S. MONEY MATTERS : FOR SMALL SCALE BUSINESS, INDUSTRIES ETC
- M/S. 360 DEGREE FINANCE : RETAIL FINANCE-INDIVIDUAL, RETAIL

PRESENTS FINANCIAL ASSISTANCE / ARRANGEMENTS :

1. WE DEAL IN DEBTS INSTRUMENTS-ALL CORPORATE BONDS, ALL TAX FREE BONDS, ALL TAX SAVING BONDS, SECURED / NON SECURED NCD'S ALL MUTUAL FUNDS, ALL COMPANY'S ULIPS (UNIT LINKED INSURANCE PLANS), NSC-KVP-MIP, PHYSICAL SHARES / DEMAT SHARES.

2. WE DEAL IN FINANCE ARRANGEMENT FOR THE CORPORATES, FROM THE CORPORATES AGAINST THE CORPORATE BONDS, THIRD PARTY COLLATERAL, BANK GUARANTEE, SECURED NCD'S ULIPS, ETC.

3. WE DEAL IN FINANCE ARRANGEMENT AGAINST ALL DEBTS-BONDS (TAX SAVING, TAX FREE) MUTUAL (OPEN ENDED) FUNDS, ALL COMPANY'S ULIPS (UNIT LINKED INSURANCE PLANS) FOR INDIVIDUAL NEEDS.

WE ACCEPT FINANCE AGAINST FULL PROOF GOVT SECUTUTY AT THE RATE OF INTEREST 1.00 - 1.5% PER MONTH, FOR OUR CLIENTS.

WE DEAL IN ARRANGE / GIVING UPTO 100% FINANCE AGAINST FULL PROOF GOVT SECURITY AT THE PREVAILING RATE OF INTEREST, FROM OUR CLIENTS.

ADDRESS :- 2, MALBAR-VIEW, 1ST FLOOR, MORVI CROSS LANE,
CHOWPATTY SEA - FACE, MUMBAI :- 400007
CONTACT :- M. 09323238515, 022-32003101
E-MAIL :- mahavircshah@gmail.com

# શ્રદ્ધાંજલિ

- તા. ૪-૯-૨૦૧૭ ના રોજ શ્રી રમણલાલ કસ્તુરચંદ શાહ (કલોલ-અમદાવાદ) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૮-૯-૨૦૧૭ ના રોજ શ્રી વસંતલાલ ચીમનલાલ મહેતા (અમદાવાદ-યુ.એસ.એ.) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૮-૯-૨૦૧૭ ના રોજ શ્રીમતિ સરલાબેન ચંદ્રકાન્ત શાહ (અમદાવાદ) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૧૧-૯-૨૦૧૭ ના રોજ શ્રી નટવરલાલ રતિલાલ શાહ (આમોદ-અમદાવાદ) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૧૮-૯-૨૦૧૭ ના રોજ અ.સૌ. પુષ્પાબેન નવીનચંદ્ર ગીરધરલાલ વખારીયા (કલોલ-અમદાવાદ) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૨૯-૯-૨૦૧૭ ના રોજ શ્રી અશ્વિનભાઈ નેમચંદ શાહ (નૃસિંહપુર-વડોદરા) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૬-૧૦-૨૦૧૭ ના રોજ શ્રી મહેન્દ્રભાઈ પુનમચંદ શાહ (જહેર-અમદાવાદ) અરિહંત શરણ થયેલ છે.
- તા. ૬-૧૦-૨૦૧૭ ના રોજ શ્રીમતિ ભાવનાબેન પંકજભાઈ શાહ (આમોદ-મુંબઈ) અરિહંત શરણ થયેલ છે.

**(પ્રભુ સદગતની આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના)**

## શૈક્ષણિક લોન રીફંડ...

- સારંગી ઉમેશભાઈ જીતેન્દ્રભાઈ શાહ, નડિયાદ
- પરિંદા ધનકુમાર બાબુલાલ શાહ, જહેર-મુંબઈ
- સંકેતભાઈ ઉમેશભાઈ વાડીલાલ શાહ, જહેર-મુંબઈ

## શિષ્યવૃત્તિ રીફંડ...

- હિતેષભાઈ કેસરીચંદ હરીલાલ શાહ, નરસિંહપુર
- લીનાબેન રજનીકાંત ડાહ્યાભાઈ શાહ, મહુવા
- સંજયભાઈ રજનીકાંત ડાહ્યાભાઈ શાહ, મહુવા
- હિરેનકુમાર રજનીકાંત ડાહ્યાભાઈ શાહ, મહુવા

# નવા તથા બદલાયેલા સરનામા-ટેલીફોન નંબર

**CHANGE OF ADDRESS :-**

- મહેશભાઈ પુનમચંદ પરીખ
  ૨૩, મહાલક્ષ્મી સોસાયટી,
  ખોડીયાર માતાજીના મંદિર પાસે,
  પાયલનગર, નરોડા, અમદાવાદ.
  મો. : ૭૩૫૯૧૪૨૮૧૧
  કુશલ (રવિ) : ૯૪૨૯૬૫૮૭૩૪
- દિનેશભાઈ બાબુલાલ શાહ
  ૫૦૨, કૌમારી કો-ઓ. હા. સોસાયટી,
  ૧૪ મો રસ્તો, ખાર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૨
- Nitin K. Shah
  H-104, Shyam hills, Behind Saavan Bunglows, Near GST Railway Crossings & New Bridge, Ahmedabad-382470
  Mob. : 8369749783, 8355989767
  9811132176


॥ ૧૦૦૮ વિઘ્નહર પાર્શ્વનાથાય નમઃ ॥

**આપને ત્યાં ઉજવાતા કોઇપણ ધાર્મિક પ્રસંગોનું સુંદર અને સરસ રીતે સંચાલન કરી આપનાર વક્તા-વિધિકાર...**

**શ્રી ભરતભાઇ ચંદુલાલ શાહ**

**(ત્રાગડવાળા)**

જૈન વિધાન...વાસ્તુ વિધાન...જૈન વિધિથી લગ્ન...જૈન વિધિથી જવારા...
ધાર્મિક ભજન, સંધ્યા...ભક્તિ સંગીત...પ્રાર્થનાસભા...વ્રત વિધાન...
ભાવયાત્રા તથા નમસ્કાર મહામંત્રની
આરાધના સુંદર વિવેચન સાથે કરાવનાર...

સંપર્ક : શ્રી ભરતભાઇ ચંદુલાલ શાહ (ત્રાગડ) હાલ-વડોદરા
મો. ૦૯૪૨૬૬૨૪૫૩૬ / ૯૪૨૬૩૩૪૫૩૪

આપના પ્રસંગને યાદગાર બનાવો એજ ઉદ્દેશ...

# શ્રદ્ધાંજલિ



સ્વ. નટવરલાલ રતિલાલ શાહ-આમોદ
તા. ૨૬-૬-૧૯૨૬ થી ૧૧-૯-૨૦૧૭



સ્વ. પુષ્પાબેન નટવરલાલ શાહ-આમોદ
તા. ૧૯-૩-૧૯૩૪ થી ૧-૧૧-૨૦૧૨

**જીવન એવું જીવી ગયા કે ભુલાય નહીં, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.**
**દુઃખ ને દેખાડ્યું નહી સુખને છલકાવ્યું નહીં, સૌના પરિશ્રમથી ચંદન સમુ જીવી ગયા.**
**પરિવારને સુખી બનાવી ગયા, એવા પુણ્યશાળી દિવ્ય આત્માને**
**પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના...**

શ્રી શૈલેષભાઇ નટવરલાલ શાહ
શ્રીમતી નીતાબેન શૈલેષભાઇ શાહ
જાગૃત શૈલેષભાઇ શાહ
શ્રીમતી જીજ્ઞાબેન જાગૃત શાહ
ચિ. આર્જવ ત્થા ચિ. નીવાન

શ્રી વસંતભાઇ નટવરલાલ શાહ
શ્રીમતી હીનાબેન વસંતભાઇ શાહ
શ્રી કૃતાર્થ વસંતભાઇ શાહ

શ્રીમતિ કૃપા-ચિંતનકુમાર શાહ
ચિ. પ્રાત્વી

શ્રીમતિ અદિતી-ધવલકુમાર શાહ
ચિ. નિરવી

શ્રીમતિ ખુશ્બુ હિરેનકુમાર જાડેજા


**Noble Auto Agencies**
1st Floor, M. K. House, O/s. Shahpur Gate, Ahmedabad.
Ph. : 079-25631178

# શ્રદ્ધાંજલિ



## સ્વ. તરુણાબેન અતુલભાઇ શાહ

જન્મ : ૨-૫-૧૯૫૦ અરિહંત શરણ : ૮-૯-૨૦૧૭

**આપશ્રી જીવન એવું જીવી ગયા કે,**
**મૃત્યુ બાદ પણ આપ અમર થઇ ગયા.**
**હરપલ તમારી યાદોમાં તમારા સ્નેહીજનો.**

અતુલભાઇ હીરાલાલ શાહ (પતિ)
કામિની - અમિત (દીકરી-જમાઇ)
અનુજા - હેમાંગ (દીકરી-જમાઇ)
સાક્ષી અમિત સંઘવી (પૌત્રી)
આદિ અમિત સંઘવી (પૌત્ર)
શ્લોક હેમાંગ શાહ (પૌત્ર)

# શ્રદ્ધાંજલિ



## સ્વ. હસમુખલાલ ચીમનલાલ શાહ

**જન્મ તા. ૧૨-૪-૧૯૩૨ અરિહંત શરણ તા. ૧૭-૮-૨૦૧૭**

જીવન એવું જીવી ગયા, અમો કદી ભુલી શું નહિ.
વિદાય એવી લીધી કે, અમો કદી વિસરશું નહિ.
છોડી અમારા સૌનો સાથ, જઇ વસ્યા પ્રભુજી પાસ.
આપની અણધારી થઇ વિદાય, અમારા દિલમાં રહેશે સદાય.
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ આપે...

**અમો સૌ આપીએ હૃદય પૂર્વક શ્રદ્ધાંજલિ**
**આપના ગુણાનુંરાગી**

## કોકીલાબેન હસમુખલાલ શાહ (કલોલ-અમદાવાદ)

દિપકભાઇ હસમુખલાલ શાહ
નિશાબેન દિપકભાઇ શાહ
સંજયભાઇ હસમુખલાલ શાહ
પરાગભાઇ હસમુખલાલ શાહ
રેખાબેન પરાગભાઇ શાહ
સંયમ પરાગભાઇ શાહ (સી.એ., સી.એસ.)

કુંદનબેન પંકજકુમાર પરીખ
ફોરમ ● પુનિતા
આશિતાબેન ચિરાગભાઇ શાહ
કરણ ● પ્રિત
ડૉ. વિદિશા ચરણજીત

# શ્રદ્ધાંજલિ



## આનંદીબેન દલસુખભાઇ શાહ

જન્મ તારીખ : ૨૬-૫-૧૯૩૫ ● સ્વર્ગવાસ તારીખ : ૨૭-૧૦-૨૦૧૨ આસો સુદ ૧૩

# આનંદીબેન દલસુખભાઇ શાહની
# પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જીવન એવું જીવી ગયા, અમો કદી ભુલી શું નહિ.
વિદાય એવી લીધી કે, અમો કદી વિસરસું નહિ.
છોડી અમારા સૌનો સાથ, જઇ વસ્યા પ્રભુજી પાસ.
આપની અણધારી થઇ વિદાય, અમારા દિલમાં રહેશે સદાય.
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ આપે...
અમો સૌ આપીએ હ્દય પૂર્વક શ્રદ્ધાંજલિ

આપના ગુણાનુંરાગી

## દલસુખભાઇ ચુનીલાલ શાહ (કલોલ-ગાંધીનગર)

સંદીપભાઇ દલસુખભાઇ શાહ
શ્રીમતી રૂપાબેન સંદીપકુમાર શાહ
અક્ષત સંદીપભાઇ શાહ (USA)
કાર્તિક સંદીપભાઇ શાહ

તરલીકાબેન ગુણવંતભાઇ દાણી
લીનાબેન પંકજકુમાર શાહ
જ્યોતિબેન અશ્વિનકુમાર દેસાઇ

# શ્રી લાલુભાઇ છગનલાલ શાહ (જહેર)

## પરિવાર તરફથી



લાલુભાઇ છગનલાલ શાહ





કંચનબેન લાલુભાઇ શાહ

Jyotish S. Shah (Kachwala)
Telefax : 022-28481718
Mob.: 98202 28980 / 98672 89802

Hemali Trading Co.

Dealers Agents in : Toughened & Figured Glass, Chemicals, Acrylic Plastic & All Types of Paper & Clip

Head Off.: X/14, Sai Chhaya Apartment, Chhatrapati Shivaji Road No. 3, Opp. Sudhindra Nagar, Dahisar (East), Mumbai - 400 068.

Branch Off.: B-4, 1st Flr., Buddhadev Market, Sevashram Road, Bharuch-392001. (Gujarat)

Godown Fac. : L-5309/2, 4th Phase, Opp. Suprit Chemical GIDC, Vapi, Gujarat-385195 Gujarat.



Book-Post / By Air Mail

To,

________________________________________

________________________________________

________________________________________

**Printed and Published by : Shri Dineshbhai Lalubhai Shah (President) On behalf of Shri Sangh Nrusinhpura Digambar Jain Kelavani Mandal, Sheth K. J. Chhatralay, Nr. Post-Office, Navrangpura, Ahmedabad-380009.**
**Email : kjchhatralay@yahoo.in • web : parichaysetu.com**
**at Padmavati Printing Press, Usmanpura, Ahmedabad-380013. Phone : 30155492 • Mo. : 9227215492**